હવે, LICના નામે સાયબર ઠગો સક્રિય

યુઝર્સનું બેન્ક એકાઉન્ટ ખાલી કરવાનું ષડયંત્ર

આજકાલ ઠગોએ LIC નામનો ઉપયોગ કરી ઠગાઈ શરૂ કરી છે. આવા પ્રકારનો મેસેજ સંપૂર્ણપણે નકલી અને એક ઓનલાઈન ફ્રોડ છે. જે સાયબર અપરાધીઓની અત્યારના સમયની નવા પ્રકારની ઠગાઈ ની પદ્ધતિ છે, જેમાં લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ના નામ નો ઉપયોગ કરીને લોકોના વિશ્વાસ ને જીતવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, પરંતુ તમામ ઈન્ટરનેટ યઝર્સ એ બાબતનું ધ્યાન રાખવાનું છે કે લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ક્યારેય પણ આ પ્રકારે સામાન્ય મોબાઈલ નંબર પરથી વૉલેટ એકાઉન્ટમાં પૈસા જમા કરાવવાના મેસેજ મોકલતું નથી,આવા નકલી મેસેજ પાછળ સાયબર ગુનેગારોની ચાલ યુઝર્સ નું બેન્ક ખાલી કરવાનું હોય છે.

મયુર ભુસાવળકર
આઇટી એક્સપર્ટ

બચાવવા માટેના જરૂરી પગલાં

1) નંબર પર રિપ્લાય ન કરો: આ નંબર પર કોઈ પણ પ્રકારનો જવાબ આપવો નહીં કે આપેલા કોઈ નંબર પર કોલ કરવો નહીં. **2) માહિતી શેર ન કરો:** તમારી બેંક વિગતો, વૉલેટ પિન અથવા ઓટીપી કોઈની પણ સાથે શેર કરશો નહીં.**3) સત્તાવાર તપાસ કરો:** જો તમારી કોઈ LIC પોલિસી સાચે જ પાકતી મુદતે હોય, તો હંમેશા તમારી નજીકની LIC શાખાનો સંપર્ક કરો અથવા LIC Official Website પર જઈને જ વિગતો ચકાસો.

મેસેજ નકલી હોવાના મુખ્ય પુરાવા

1. સામાન્ય મોબાઈલ નંબર : આ મેસેજ કોઈ સત્તાવાર સંસ્થાના હેડર (જેમ કે VM-LICIND કે સત્તાવાર શોર્ટકોડ) ને બદલે એક સામાન્ય વ્યક્તિગત મોબાઈલ નંબર (+91 ***881 71861) પરથી આવ્યો છે.

2. નકલી પ્રોફાઈલ નામ : નંબરની નીચે ₹Life insurance Corporation લખેલું છે, જે સ્કેમર્સ દ્વારા યુઝર્સને છેતરવા માટે જાતે સેટ કરવામાં આવેલું નકલી નામ છે.

3. બેંક એકાઉન્ટના બદલે વૉલેટ : સરકારી કે પ્રતિષ્ઠિત વીમા કંપનીઓ ક્લેમ અથવા બોનસના નાણાં સીધા તમારા વેરિફાઇડ બેંક એકાઉન્ટમાં NEFT દ્વારા જમા કરે છે, કોઈ 'વોલેટ એકાઉન્ટ' માં નહીં.

4. ખોટી અને અસ્પષ્ટ વિગતો: મેસેજમાં "linked mobile number XXXXXX5747" લખ્યું છે પરંતુ કોઈ ચોક્કસ બેંકનું નામ કે સાચી વિગતોહોતી નથી. માત્ર લલચાવવા માટે મોકલાયેલો એક બલ્ક મેસેજ છે.

આ સ્કેમ કઈ રીતે કામ કરે છે?

તમારા વોલેટમાં ૧૦,૦૦૦ જમા થયા છે તેવું બતાવીને સ્કેમર્સ તમને લાલચ આપે છે. સામાન્ય રીતે બે રીતે ફ્રોડ થાય છે:

૧. ખોટો પેમેન્ટ કૉલ: સાયબર ગુનેગાર તમને ફોન કરીને કહેશે કે, "ભૂલથી તમારા વોલેટમાં ૧૦,૦૦૦ ટ્રાન્સફર થઈ ગયા છે, કૃપા કરીને પૈસા લિંક પર ક્લિક કરીને પાછા મોકલો".

૨. ફિશિંગ લિંક/OTP ફ્રોડ: તે તમને વોલેટ બેલેન્સ ચેક કરવા અથવા પૈસા બેંકમાં લેવા માટે કોઈ શંકાસ્પદ લિંક પર ક્લિક કરવા અથવા OTP શેર કરવા દબાણ કરી શકે છે, જેનાથી તમારું સાચું બેંક એકાઉન્ટ ખાલી થઈ શકે છે.



AI Prompting યુગની સૌથી મહત્વપૂર્ણ કળા

માત્ર પ્રશ્ન પૂછવાનો સમય ગયો, હવે AIને યોગ્ય દિશા આપવાની આવડત જ સફળતાની ચાવી

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આજના સમયમાં જીવનના લગભગ દરેક ક્ષેત્રમાં પ્રવેશી ચૂક્યું છે. ઓફિસ હોય, શિક્ષણ ક્ષેત્ર હોય કે ક્રિએટિવ ઇન્ડસ્ટ્રી – AI હવે માત્ર ટેક્નોલોજી નથી, પરંતુ રોજિંદા કાર્યપ્રણાલીનો ભાગ બની રહ્યું છે. પરંતુ AIનો સાચો અને અસરકારક ઉપયોગ કરવા માટે એક નવી કળા ઝડપથી મહત્વ મેળવી રહી છે – "AI Prompting".ઘણા લોકો માને છે કે AI સાથે વાત કરવી એટલે માત્ર પ્રશ્ન લખવો. પરંતુ નિષ્ણાતો કહે છે કે અસરકારક Prompting એ એક પ્રકારની "નવી પેઢીની કમ્યુનિકેશન સ્કિલ" છે, જેમાં વ્યક્તિ AIને કેવી રીતે સમજાવે છે, દિશા આપે છે અને પરિણામ સુધારવા માટે માર્ગદર્શન આપે છે તે સૌથી મહત્વપૂર્ણ બની જાય છે.આજના સમયમાં એક જ AI ટૂલનો ઉપયોગ કરતા બે લોકોમાં પરિણામમાં મોટો ફરક જોવા મળે છે. કારણ ટેક્નોલોજી નહીં, પરંતુ Prompt લખવાની પદ્ધતિ છે.

Prompting એટલે ટેક્નિકલ નહીં, પરંતુ વિચારીને વાત કરવાની કળાAI Promptingને ઘણા લોકો કોડિંગ અથવા ટેક્નિકલ કામ સમજે છે, જ્યારે હકીકતમાં તે લેખન, સંપાદન અને સંવાદની કળા સાથે વધુ જોડાયેલું છે.એક સારો Prompt માત્ર સૂચના નથી આપતો, પરંતુ AIને સ્પષ્ટ દિશા, સંદર્ભ અને અપેક્ષા પણ આપે છે. ઉદાહરણ તરીકે "એક લેખ લખો" જેવી સામાન્ય સૂચના સરેરાશ પરિણામ આપે, જ્યારે "વિદ્યાર્થીઓ માટે સરળ ભાષામાં 500 શબ્દનો વિશ્લેષણાત્મક લેખ લખો" જેવી સ્પષ્ટ સૂચના વધુ ગુણવત્તાસભર પરિણામ આપે છે.નિષ્ણાતોના જણાવ્યા મુજબ અસરકારક Promptingમાં ચાર મુખ્ય માનવીય ક્ષમતાઓનો સમાવેશ થાય છે

"AI Fluency" ભવિષ્યની નવી સાક્ષરતા

જેમ એક સમય ડિજિટલ લિટરેસી જરૂરી બની હતી, તેવી જ રીતે હવે "AI Fluency" ભવિષ્ય માટે અનિવાર્ય કુશળતા તરીકે ઉભરી રહી છે.AI Fluencyનો અર્થ માત્ર AI ટૂલ ચલાવવાની આવડત નથી, પરંતુ AI કેવી રીતે વિચારે છે, કેવી રીતે પ્રતિસાદ આપે છે અને તેની મર્યાદાઓ શું છે તે સમજવાની ક્ષમતા પણ છે. શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્પોરેટ ક્ષેત્રમાં હવે AI સાથે અસરકારક રીતે કામ કરવાની તાલીમ શરૂ થઈ રહી છે. કારણ કે આગામી સમયમાં માત્ર માહિતી જાણવી પૂરતી નહીં રહે, પરંતુ AIની મદદથી યોગ્ય પરિણામ મેળવવાની ક્ષમતા વધુ મહત્વપૂર્ણ બનશે.



અસરકારક Promptingના ચાર આધારસ્તંભ

1. Delegation (કાર્ય વિભાજન)
AI કયું કામ કરશે અને માનવી કયા ભાગ માટે જવાબદાર રહેશે તે સ્પષ્ટ કરવું જરૂરી છે.

2. Description (સ્પષ્ટ વર્ણન)
AIને યોગ્ય સંદર્ભ, ભાષા, ટોન, શબ્દમર્યાદા અને હેતુ જણાવવાથી વધુ સચોટ પરિણામ મળે છે.

3. Discernment (ચકાસણી શક્તિ)
AI હંમેશા સંપૂર્ણ સાચું નથી હોતું. મળેલી માહિતીની ચકાસણી અને મૂલ્યાંકન કરવું જરૂરી છે.

4. Diligence (સતત સુધારાની પ્રક્રિયા)
સૌથી સારા પરિણામો ઘણી વખત વારંવાર Prompt સુધારવાથી મળે છે. AI સાથેની અસરકારક વાતચીત એક સતત પ્રક્રિયા છે.

ઓછું ટાઈપિંગ, વધુ વિચારશક્તિ

ઘણા લોકો માને છે કે AI માણસની મહેનત ઘટાડે છે, પરંતુ હકીકતમાં AI વધુ સ્પષ્ટ અને ગહન વિચારશક્તિની માંગ કરે છે. સારો Prompt લખવા માટે વ્યક્તિએ પોતાની વિચારસરણી ગોઠવવી પડે છે, હેતુ સ્પષ્ટ કરવો પડે છે અને યોગ્ય રીતે સંવાદ સાધવો પડે છે.આજના સમયમાં પત્રકારો, શિક્ષકો, માર્કેટિંગ નિષ્ણાતો, ડિઝાઇનર્સ અને વિદ્યાર્થીઓ સહિત અનેક ક્ષેત્રના લોકો AIને પોતાના રોજિંદા કાર્યમાં સામેલ કરી રહ્યા છે. AI હવે માત્ર સર્ચ એન્જિન નથી, પરંતુ "પ્રોડક્ટિવિટી પાર્ટનર" તરીકે વિકસી રહ્યું છે.

ભવિષ્ય AI સાથે સમજદારીથી કામ કરનારાનું

ટેક્નોલોજીના ઝડપભર્યા વિકાસ વચ્ચે હવે સ્પષ્ટ બની રહ્યું છે કે ભવિષ્યમાં સફળતા માત્ર ટેક્નિકલ જ્ઞાનથી નહીં, પરંતુ AI સાથે અસરકારક રીતે સહકાર કરવાની ક્ષમતા પર આધારિત રહેશે.AI Prompting એ માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ નથી – તે વિચારવાની, સમજાવવાની અને સર્જનાત્મક રીતે કામ કરવાની નવી પદ્ધતિ છે.જે લોકો આ કળા વહેલી તકે શીખી જશે.

આધાર ડિજિટલ વૉલેટ સુવિધા કે સુરક્ષાનો સવાલ?

ડિજિટલ સુવિધા સાથે મજબૂત ડેટા પ્રોટેક્શન કાયદા અને સુરક્ષા વ્યવસ્થા પણ એટલી જ જરૂરી

ભારતમાં ડિજિટલ ક્રાંતિ ઝડપથી આગળ વધી રહી છે. હવે લોકોના દસ્તાવેજો, બેંકિંગ અને ઓળખપત્ર સુધી બધું જ સ્માર્ટફોનમાં સમાઈ રહ્યું છે. તાજેતરમાં ગૂગલે જાહેરાત કરી કે ભારતીય નાગરિકો હવે પોતાના આધાર કાર્ડ સહિતના ડિજિટલ ઓળખપત્રોને Google Walletમાં સ્ટોર કરી શકશે. આ જાહેરાત બાદ ટેક્નોલોજી જગતમાં ઉત્સાહ સાથે જ ચિંતાઓનો માહોલ પણ ઉભો થયો છે.ઘણા લોકો માટે આ સુવિધા સહેલાઈ અને આધુનિકતાનું પ્રતિક છે, જ્યારે કેટલાક નિષ્ણાતો તેને વ્યક્તિગત માહિતીની સુરક્ષા માટે જોખમી ગણાવી રહ્યા છે. આધાર કાર્ડ દેશના દરેક નાગરિક માટે મહત્વપૂર્ણ ઓળખપત્ર બની ગયું છે. બેંક ખાતું ખોલવાથી લઈને સરકારી યોજનાઓનો લાભ મેળવવા સુધી દરેક જગ્યાએ આધાર જરૂરી બન્યો છે. આવા સમયમાં આધારને ડિજિટલ વોલેટમાં રાખવાનો વિચાર અનેક પ્રશ્નો ઉભા કરે છે.

આધારની ડિજિટલ કોપી કેટલી સુરક્ષિત?

ટેક્નોલોજી નિષ્ણાતોના મતે, ફિઝિકલ આધાર કાર્ડની તુલનામાં ડિજિટલ વેરિફાયેબલ ક્રેડેન્શિયલ વધુ સુરક્ષિત હોઈ શકે છે. કારણ કે તેની નકલ બનાવવી મુશ્કેલ બને છે અને વપરાશકર્તા પોતાની જરૂર મુજબ જ માહિતી શેર કરી શકે છે.ઉદાહરણ તરીકે, જો કોઈ હોટેલમાં ઓળખપત્ર બતાવવું હોય તો સંપૂર્ણ આધાર કાર્ડની ફોટોકોપી આપવાની જરૂર નહીં પડે. માત્ર જરૂરી વિગતો જ ડિજિટલ રીતે શેર કરી શકાશે. આ રીતે વ્યક્તિગત માહિતીનો દુરુપયોગ અટકાવી શકાય છે.પરંતુ ચિંતાનો વિષય એ છે કે જો મોબાઇલ હેક થાય અથવા ડિજિટલ એકાઉન્ટ સુધી કોઈ અનધિકૃત વ્યક્તિ પહોંચી જાય તો નાગરિકોની સંવેદનશીલ માહિતી જોખમમાં આવી શકે છે. સાયબર સુરક્ષા નિષ્ણાતો માને છે કે ડિજિટલ સુવિધા સાથે મજબૂત ડેટા પ્રોટેક્શન કાયદા અને સુરક્ષા વ્યવસ્થા પણ એટલી જ જરૂરી છે.

સરકાર અને ટેક્નોલોજી કંપનીઓ માટે મોટો પડકાર

ભારત સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી "ડિજિટલ ઇન્ડિયા" અભિયાન હેઠળ તમામ સેવાઓને ઓનલાઈન અને સરળ બનાવવા પર ભાર મૂકી રહી છે. DigiLocker જેવી સેવાઓએ પહેલેથી જ કરોડો લોકોનું જીવન સરળ બનાવ્યું છે. હવે Google Walletમાં આધાર સંગ્રહ થવાથી ખાનગી ટેક્નોલોજી કંપનીઓની ભૂમિકા વધુ વધી રહી છે.અહીં મોટો સવાલ એ ઉભો થાય છે કે નાગરિકોના ડેટા પર અંતિમ નિયંત્રણ કોનું રહેશે? શું લોકોની માહિતી માત્ર ઓળખ માટે જ વપરાશે કે પછી અન્ય હેતુઓ માટે પણ ઉપયોગમાં લેવામાં આવશે?

ભવિષ્યમાં શું બદલાશે? | આગામી સમયમાં એરપોર્ટ, હોટેલ, બેંક અને સરકારી કચેરીઓમાં ફિઝિકલ દસ્તાવેજોની જગ્યાએ ડિજિટલ વેરિફિકેશન વધુ સામાન્ય બનશે. મોબાઇલમાં રહેલા ડિજિટલ આઇડી દ્વારા માત્ર થોડા સેકન્ડમાં ઓળખ ચકાસણી શક્ય બનશે. પરંતુ તેની સાથે લોકોમાં સાયબર જાગૃતિ પણ વધારવી પડશે. મજબૂત પાસવર્ડ, બે-સ્તરીય સુરક્ષા (Two-Factor Authentication) અને વિશ્વસનીય એપ્લિકેશનનો ઉપયોગ હવે આવશ્યક બની રહ્યો છે.ડિજિટલ સુવિધા અને વ્યક્તિગત ગોપનીયતા વચ્ચેનું સંતુલન જ ભવિષ્યના ભારત માટે સૌથી મોટો પડકાર રહેશે.



સ્માર્ટ ડિવાઇસથી સુરક્ષા, સુવિધા અને વીજળી બચત સરળ બની

ઘર પણ બન્યા "સ્માર્ટ" : મોબાઈલથી નિયંત્રિત થતું આધુનિક જીવન

AI અને IoT ટેક્નોલોજી ભવિષ્યના ઘરોને વધુ આધુનિક બનાવશે

આજના આધુનિક યુગમાં ટેક્નોલોજી આપણા જીવનનો અગત્યનો ભાગ બની ગઈ છે. હવે માત્ર મોબાઈલ કે કમ્પ્યુટર જ નહીં, પરંતુ ઘરો પણ "સ્માર્ટ" બની રહ્યા છે. સ્માર્ટ હોમ એટલે એવું ઘર જ્યાં ઈન્ટરનેટ અને આધુનિક ડિજિટલ ટેક્નોલોજીની મદદથી વિવિધ ઈલેક્ટ્રોનિક ઉપકરણોને મોબાઈલ, ટેબ્લેટ અથવા અવાજ દ્વારા નિયંત્રિત કરી શકાય. સ્માર્ટ હોમમાં લાઈટ, પંખા, એર કન્ડિશનર, ટીવી, ફ્રિજ, CCTV કેમેરા, ડોર લોક અને અન્ય ઉપકરણો Wi-Fi અથવા Bluetooth દ્વારા જોડાયેલા હોય છે. ઘરનો માલિક દુનિયાના કોઈપણ ખૂણામાં બેઠા પોતાના મોબાઈલથી આ ઉપકરણોને કંટ્રોલ કરી શકે છે. ઉદાહરણ તરીકે, ઓફિસમાં બેઠા ઘરની લાઈટ બંધ કરવી, AC ચાલુ કરવો અથવા કેમેરા દ્વારા ઘરની સુરક્ષા તપાસવી સરળ બની જાય છે. સ્માર્ટ હોમનું સૌથી મોટું ફાયદો સુવિધા અને સુરક્ષા છે. સ્માર્ટ ડોર લોક અને CCTV સિસ્ટમ ઘરની સલામતી વધારે છે. જો કોઈ અજાણ્યો વ્યક્તિ ઘરની નજીક આવે તો મોબાઈલ પર તરત જ નોટિફિકેશન મળે છે. ઉપરાંત, સ્માર્ટ સેન્સર ગેસ લીકેજ અથવા આગ જેવી પરિસ્થિતિમાં એલર્ટ આપે છે. ઊર્જા બચત પણ સ્માર્ટ હોમનો મહત્વપૂર્ણ લાભ છે. સ્માર્ટ લાઈટ અને ઉપકરણો જરૂરી સમયે જ ચાલુ રહેતા હોવાથી વીજળીનો વ્યય ઓછો થાય છે. કેટલાક સ્માર્ટ ઉપકરણો ઓટોમેટિક રીતે રૂમમાં કોઈ ન હોય ત્યારે બંધ થઈ જાય છે, જેના કારણે વીજળીનું બિલ પણ ઓછું આવે છે. આજે ભારતમાં પણ સ્માર્ટ હોમનો ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે. શહેરોમાં નવા ફ્લેટ અને બંગલાઓમાં સ્માર્ટ સિસ્ટમ લગાડવામાં આવી રહી છે. યુવાનો ઉપરાંત વૃદ્ધ લોકો માટે પણ આ ટેક્નોલોજી ઉપયોગી સાબિત થઈ રહી છે, કારણ કે એક જ મોબાઈલથી ઘરનાં અનેક કામ સરળ બની જાય છે. આગામી સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને Internet of Things (IoT) ના વિકાસ સાથે સ્માર્ટ હોમ વધુ આધુનિક બનશે.

અર્જુન શર્મા
આઇટી એક્સપર્ટ

સ્માર્ટ હોમ શું કરે?

- મોબાઇલથી લાઇટ અને ફેન કંટ્રોલ
- CCTV લાઈવ જોવા મળે
- ડોર લોક રિમોટથી ચલાવી શકાય
- AC અને ટીવી ઓટોમેટિક નિયંત્રિત થાય

સ્માર્ટ હોમના ફાયદા

- સુરક્ષામાં વધારો
- વીજળીની બચત
- સમય અને મહેનત ઓછી
- ઘરને આધુનિક બનાવે

ડિવાઇસ ફાયદા

- સ્માર્ટ બલ્બ
- સ્માર્ટ ડોર લોક
- CCTV કેમેરા
- સ્માર્ટ સ્પીકર
- સ્માર્ટ પ્લગ

સ્માર્ટ હોમ કેવી રીતે કામ કરે?

સ્માર્ટ ઉપકરણો Wi-Fi અથવા Internet સાથે જોડાયેલા હોય છે. મોબાઇલ એપ અથવા વોઇસ કમાન્ડ દ્વારા તેમને નિયંત્રિત કરી શકાય છે.

સ્માર્ટ હોમ એક સમસ્યા

સ્માર્ટ હોમ જેટલા આધુનિક અને સુવિધાજનક છે, એટલા જ કેટલાક ગેરફાયદા પણ ધરાવે છે. ટેક્નોલોજી પર વધારે આધાર રાખવાથી કેટલીક સમસ્યાઓ ઊભી થઈ શકે છે. સ્માર્ટ સિસ્ટમ ચાલવા માટે સતત વીજળી જરૂરી છે.